# પ્રાસંગિક બે બોલ

## પ્રકાશકના બે બોલ.....

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

**"શિર્ક"** એ મહાન ગુનોહ છે કે જેને કરનાર ઈસ્લામથી બહાર થઈ જાય છે અને જો તૌબા કર્યા વિના મૃત્યુ પામે તો યક઼ીનન હમેશાંની જહન્નમમાં પડશે એ નિશ્ચિત છે. જેથી શિર્ક કોને કહેવાય એ જાણવું દરેક ઈમાનવાળા માટે ફર્ઝ છે. આજે ઘણા લોકોને પૂછતાં તેઓ શિર્કની સહીહ વ્યાખ્યા જ દર્શાવી શક્તા નથી ! આ આશ્ચર્યની તથા દુઃખની વાત નથી ?! હવે જો શિર્ક કોને કહેવાય તે કહેવાતો મો'મિન જાણતો જ નથી તો ગમે તે ઘડીએ પોતે શિર્કમાં પડી શકે છે, અથવા તો જે ચીજો શિર્ક નથી તેને પણ શિર્ક કહી આપશે અને ગુમરાહીનો શિકાર થઈ જશે. જેથી શિર્કની વ્યાખ્યા, શિર્કના પ્રકાર વિશે જાણવું અત્યંત જરૂરી છે. *(આ વિશે અમારી કિતાબ 'ઈસ્લામની સચ્ચાઈને ઓળખો' મંગાવી વાંચી જશો. –પ્રકાશક)*

# શિર્ક શું છે?

આજકાલના બાતિલ ફિર્કાઓ વહાબી, ગૈર મુકલ્લિદ યાને કહેવાતા એહલે હદીષ તેમજ મૌદૂદી, દેવબંદી જમાતી....વગેરે વાત વાતમાં "શિર્ક ! શિર્ક !" કરતા રહે છે પણ કુર્આન હદીષની રોશનીમાં શિર્કની વ્યાખ્યા કરી શક્તા નથી અને જે ચીજો શિર્ક નથી તેને શિર્ક ! શિર્ક ! કહીને પોતે પણ તથા મુસ્લિમ ઉમ્મતને પણ ગુમરાહીમાં ફેંકી રહ્યા છે.

આવો ! અત્રે દરેક કલ્મો પઢનાર બનામે મુસ્લિમને દાવત છે કે શિર્કની સાચી વ્યાખ્યા કુર્આનની રોશનીમાં, હદીષના પ્રકાશમાં શું છે તેને નિખાલસ દિલે નિષ્પક્ષ બનીને સમજવા આ નાનકડી કિતાબ જરૂરથી વાંચો અને ખુદાનો ખૌફ રાખી હક્કનો સ્વીકાર કરીને ગુમરાહીથી બચી જહન્નમની રાહથી બચી જન્નતની રાહ અપનાવો એ જ અપીલ છે.

સુન્ની જગતની મહાન હસ્તી **હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી** સાહબ *(રિટા. સદર જામિઆ અશ્રફિયહ–મુબારકપુર)*ની આ લાજવાબ કૃતિ ગુમરાહોને રાહે રાસ્ત પર લાવી શકે છે, જો તેઓ નિષ્પક્ષપણે ઈન્સાફથી આ કિતાબનો અભ્યાસ કરે. આ સાથે અમો જનાબ **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*નો આભાર માનીએ છીએ કે તેમણે આ કિતાબને સરળ ભાષામાં ગુજરાતી પોશાક પહેરાવ્યો. મૂળ લેખક તથા અનુવાદકને રબ્બે કરીમ જઝાએ ખૈર આપે (આમીન) તેમજ આપણને સૌને રબ્બે કરીમ ઈમાનની સલામતી આપે અને સાચા અર્થમાં શિર્કને સમજીને તેનાથી બચવાની તૌફીક આપે.

آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰۃ و التسلیم

–**પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

તારીખ : ૦૪/૧૨/૨૦૧૪, બુધવાર, ૧૦ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૬

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

**શિર્ક**થી બચવા માટે એ જાણવું જરૂરી છે કે શિર્ક શું છે ? કેટલાક લોકો એવા છે જેમને શિર્કની જાણકારી અને વાસ્તવિકતા સમજ્યા વગર કેવળ ''શિર્ક, શિર્ક''નું રટણ કરવાથી જ દિલી સંતોષ મળે છે ! એમને એનાથી કોઈ લેવા દેવા નથી કે શિર્ક શું છે ? અને કુર્આન, હદીષની દષ્ટિએ મુશ્રિક કોણ છે ?

તેમની દષ્ટિએ ઈમામોની તક્લીદ શિર્ક, અંબિયા અને અવલિયાનો વસીલો માંગવો શિર્ક, અલ્લાહ તઆલાના મક્બૂલ બંદાઓની તા'ઝીમ શિર્ક, તેમનાથી સંબંધિત ચીજોની અદબ શિર્ક, તેમના માટે ગયબનો ઈલ્મ તથા ઈખ્તિયાર, તથા તસર્રુફની કુદરત માનવી શિર્ક છે, અને કેમ કે સહાબાના જમાનાથી અત્યાર સુધી સર્વ ઉમ્મત, મુજતહીદ ઈમામોની તકલીદ, રબના મક્બૂલ બંદાઓની બારગાહની તા'ઝીમ, તેમનાથી વસીલો પકડવો, તેઓ માટે ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર અને અધિકારને માની રહી છે જેથી સર્વ ઉમ્મત મુશ્રિક ! તેમની નજીક કદાચ એક માત્ર ઈબ્લીસ જ હશે જે ખુદા સિવાય કોઈ નબી, વલી અને ફરિશ્તા તથા રસૂલની અઝમતને માનતો નથી.

તેમનામાં એક વર્ગ તે છે જે પોતાના ઉસ્તાદો તથા મશાઈખ માટે તો ઈલ્મે ગૈબ, ઈખ્તિયાર અને અધિકાર, તા'ઝીમ અને વસીલો બધું જ જાઈઝ અને યથાર્થ માને છે, પરંતું આ જ ચીજો અંબિયા અને અવલિયા માટે શિર્ક ગણાવે છે. એની હકીકત જાણવા માટે અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہની કિતાબ "ઝલઝલા" તથા "ઝેરો ઝબર" જુઓ. ઈમાન લાવવું છે તો સંપૂર્ણ ઈમાન જોઈએ, અડધુ ઈમાન, અડધુ કુફ્ર ! એ વિચિત્ર વસ્તુ છે. વલઅયાઝુબિલ્લાહિ રબ્બિલ્ આલમીન.

હઝરત આસી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**નિસ્બતે શિર્ક બજુઝ તોહમતે બે જા ક્યા હૈ ?**
**દિલ હૈ જબ ઉસ્કી તરફ, રુખ હૈ વસાઈલ કી તરફ**

અને ફર્માવે છે :–

**મિલનેવાલોંસે રાહ પૈદા કર,**
**ઉસકે મિલનેકી ઔર સૂરત ક્યા ?**

## ★ શિર્ક શું છે અને માણસ મુશ્રિક ક્યારે થશે ? ★

ખુદાની ઝાત અને તેની ઝાતી સિફતોમાં કોઈને ભાગીદાર ઠરાવવો શિર્ક છે.

**૧.** અલ્લાહની ઝાત વાજિબુલ વુજૂદ છે. તે જાતે જ છે, કોઈ એને વજૂદ આપનાર નથી. તેનું વજૂદ જરૂરી છે, તેનું અનઅસ્તિત્વ અશક્ય છે. તે જ ખાલિક (સર્જનહાર) છે. કોઈ બીજો એવો નથી જે કોઈ ચીજને અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં લાવી શકે અને કોઈ માદ્દા (પદાર્થ) વિના બનાવી શકે. કોઈ ગૈરને વાજિબુલ વુજૂદ અથવા મઅબૂદ માનવું શિર્ક છે. દુનિયામાં કોઈ એને માનનાર પણ નથી. (સિવાય નાસ્તિક, અર્ધમી તથા મજૂસી) એ જ રીતે અલ્લાહ સિવાય કોઈ બીજાને સર્જનહાર, ખાલિક માનવું પણ શિર્ક છે.

**૨.** તે વાહિદ છે અને એક છે, હમેશાંથી હમેશાં માટે છે. એ જ મઅબૂદ છે કોઈ અન્યને મઅબૂદ બનાવનાર ભલે તે એને મખ્લૂક જ જાણે મુશ્રિક છે.

હવે અહીં એ જાણવું જરૂરી છે કે ઈબાદત શું છે ? અને મઅબૂદ બનાવવું શું છે ? આ ચર્ચા ઈન્શાલ્લાહ ! આગળ વર્ણવવામાં આવશે. પરંતુ એ નિશ્ચિત છે કે કોઈ મુસલમાન ખુદા સિવાય ન કોઈની ઈબાદત કરે છે, ન ખુદા સિવાય કોઈને મઅબૂદ જાણે છે.

**૩.** અલ્લાહની ઝાતી સિફતો આ મુજબ છે :–

૧. હયાત (જીવંત) ૨. ઈલ્મ ૩. સમઅ (સાંભળવાની શકિત) ૪. બસર (જોવાની શકિત) ૫. કુદરત (પ્રભુત્વ) ૬. ઈરાદો અને મશિય્યત (ઈચ્છા અને મરજી) ૭. કલામ (વાણી વચન)

આ સિફતો અલ્લાહ માટે ઝાતી છે એટલે કે તેના માટે કોઈના આપ્યા વિના જાતે જ નિશ્ચિત અને અનિવાર્ય છે.

આ સિફતોમાંથી કોઈ સિફતને કોઈ વ્યકિત જો ગૈરૂલ્લાહના માટે ઝાતી રીતે (સ્વંય) સમજે એટલે કે ખુદાની અતા વગર માને તો તે મુશ્રિક છે અને જો ખુદાની અતાથી મખ્લૂકમાં આ સિફત કોઈ માને છે તો તે મુશ્રિક નથી. હા ! જો કોઈ વ્યકિત આ સિફતો પૈકી કોઈ સિફત અલ્લાહના માટે ઝાતી ન માને અને ખુદા સિવાય અન્યની અતાથી બતાવે તો તે કાફિર છે. ભલે મુશ્રિક ન હોય. અલ્લાહની દરેક સિફત અને તેનો દરેક કમાલ ઝાતી છે કોઈની અતાનો અથવા કોઈ કારણ અને સબબનો મોહતાજ નથી.

હવે આ બે ચર્ચાઓ થઈ. પ્રથમ એ કે ઉપરોક્ત સિફતો અલ્લાહના માટે ઝાતી રીતે સાબિત છે. બીજી એ કે ઉપરોક્ત સિફતો અલ્લાહની

અતાથી મખ્લૂકમાં હોય શકે છે બલ્કે હોય છે. બન્નેના પુરાવા કુર્આનની આયાતોથી રજૂ કરવામાં આવે છે.

**૧. હયાત (જીવંત હોવું) :-**

**هُوَ الْحَيُّ لَا اِلٰهَ اِلَّا هُوَ** "તે જ જીવંત છે તેના સિવાય કોઈની બંદગી નથી." *(પા. ૨૪. સૂ. મુઅ્મિન આ. ૬૫)*

**૨. ઈલ્મ (જાણકારી) :-**

**وَاللّٰهُ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ** "અને અલ્લાહ જ છે સાંભળનાર જાણનાર" *(પા. ૬ સૂ. માએદહ આ. ૭૬)*

**૩. ૪. સમઅ અને બસર (સાંભળવાની તથા જોવાની શક્તિ) :-**

**اِنَّ اللّٰهَ هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ** "બેશક ! અલ્લાહ જ સાંભળનાર જોનાર છે." *(પા.૨૪. સૂ.મુઅ્મિન.આ. ૨૦)*

**૫. કુદરત (પ્રભુત્વ) :-**

**يَخْلُقُ مَا يَشَآءُ وَهُوَ الْعَلِيْمُ الْقَدِيْرُ** "જે ઈચ્છે પેદા કરે છે અને તે જ ઈલ્મવાળો અને કુદરતવાળો છે." *(પા. ૧૨ સૂ. રૂમ આયત ૫૪)*

**اِنَّ رَبَّكَ هُوَ الْقَوِيُّ الْعَزِيْزُ** "બેશક ! તમારો રબ જ શક્તિવાળો ઈજ્જતવાળો છે." *(પા. ૧૨ સૂ. હૂદ આયત ૬૬)*

**اَنَّ الْقُوَّةَ لِلّٰهِ جَمِيْعًا** "બધી શકિત અલ્લાહના માટે છે." *(પા. ૨ સૂ. બક્રહ આયત ૧૬૫)*

**اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِيْنُ** "બેશક ! અલ્લાહ જ છે ઘણી જ રોજી આપનાર, શકિતશાળી મજબૂત તાક઼તવાળો." *(પા. ૨૭ સૂ. ઝારિયાત આયત ૫૮)*

**૬. ઈરાદો અને મશિય્યત (ઈચ્છા અને મરજી)**

**قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِى الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ**
**الْـمُـلْكَ مِـمَّـنْ تَشَآءُ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ**
**بِيَدِكَ الْخَيْرُ اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ۔**

''આવી વિનંતી કર, હે અલ્લાહ ! મુલ્કના માલિક ! તું જેને ઈચ્છે એને સલ્તનત આપે, અને જેની પાસેથી ઈચ્છે સલ્તનત છીનવી લે, અને જેને ઈચ્છે તેને ઈજ્જત આપે અને જેને ઈચ્છે બેઈજ્જતી આપે, બધી ભલાઈ તારા જ હાથમાં છે, બેશક ! તું સર્વ કાંઈ કરી શકે છે.'' *(પા. ૩ સૂ. આલે ઈમરાન આયત ૨૬)*

**وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْاوَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ۔**

''અને અલ્લાહ ચાહત તો તેઓ લડતા નહીં, પણ અલ્લાહ જે ઈચ્છે કરે.'' *(પા. ૩ સૂ. બક઼રહ આયત ૨૫૩)*

**૭. કલામ (વાણી વચન) :-**

**وَكَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا۔** ''અને અલ્લાહે મૂસા સાથે વાસ્તવમાં વાતચીત (કલામ) કરી.'' *(પા.૬ સૂ. નિસાઅ આયત ૧૬૪)*

**وَ اِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى**
**يَسْمَعَ كَلٰمَ اللّٰهِ ۔**

''અને હે મહબૂબ ! જો કોઈ મુશ્રિક તમારી પાસે શરણ ઈચ્છે, તો તેને શરણ આપો, જેથી તે અલ્લાહનું કલામ સાંભળે.'' *(પા. ૧૦ સૂ. તૌબા આયત ૬)*

**يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ۔** ''તેઓ ચાહે છે કે અલ્લાહની વાત બદલી નાખે.'' *(સૂ. ફ઼ત્હ આયત ૧૫)*

ઉપરોક્ત આયતોમાં તમને જોવા મળશે કે મોટાભાગે તાકીદ (હસ્ર)ની સાથે ઈર્શાદ છે કે **અલ્લાહ જ છે** "જીવંત, ઈલ્મવાળો, સાંભળનાર, જોનાર, કુદરતવાળો". હવે આ આયતોને લઈને જો કોઈ વ્યક્તિ ઝાતી અને અતાઈનો ફર્ક કર્યા વગર એવું કહેવા લાગે કે અલ્લાહ તઆલાએ હયાત, ઈલ્મ, બસર, સમઅ, કુદરત (જ્ઞાન હોવું, સાંભળવું, જોવું, શક્તિવાન હોવું) દરેકને પોતાની ઝાત સાથે ખાસ કર્યું છે જેથી તેના સિવાય કોઈ પણ, તેની અતાથી પણ ન જાણવાવાળો, ન સાંભળનાર, ન જોનારો, ન કુદરતવાળો છે. જે વ્યકિત કોઈના માટે ખુદાની આ ખાસ સિફતો સાબિત જાણે, ભલે તેના અપર્ણ કરવાથી પણ માને તે મુશ્રિક છે ! (તો એ ખૂદ ગુમરાહીમાં પડી જશે.) એટલા માટે કે કુર્આને સાફ બતાવી આપ્યું છે કે આ સિફતો બસ અલ્લાહના માટે જ નિશ્ચિત છે, અન્ય કોઈના માટે પણ નથી. સારાંશ કે જો ઝાતી તથા અતાઈનો કોઈ ફર્ક્ ન કર્યો તો આના વિરૂદ્ધ માન્યતા ધરાવનાર મુશ્રિક છે.

એટલે કે કાઈનાત (જગત)માં અલ્લાહના સિવાય દરેક બેઈલ્મ છે આંધળા, બહેરા, કમજોર છે જેમ કે પથ્થર જોવા, સાંભળવા, જાણવા, ચાલવા ફરવાથી લાચાર હોય છે એ જ રીતે દરેક ઈન્સાન પણ છે, અને જિન્નાત તથા ફરિશ્તા પણ એવા જ છે.

**પ્રથમ** : આ પાગલપન ભર્યી દલીલ જે માત્ર એક પ્રકારની આયતોને સામે રાખીને કરવામાં આવી અને આખા જગતને મુશ્રિક ઠરાવવાની કોશિશ કરવામાં આવી જેને દુનિયાનો કોઈ સમજુ વ્યકિત સ્વીકારશે નહીં. જેથી એક વ્યકિત કે એક વર્ગને પાગલ માની લેવું એનાથી વધુ સરળ રહેશે કે આખા જગતને મુશ્રિક માની લઈએ અને બુધ્ધિ તથા અનુભવના બિલ્કુલ વિરૂદ્ધ ફેંસલો કરીએ.

**બીજુ** : કુર્આન પણ તેમનો સાથ નહીં આપે, એટલા માટે કે કુર્આનમાં

હવે અમે અહીં બંદાઓને અલ્લાહની અતાથી અપ્રાકૃતિક અને આદત વિરુદ્ધ કુવ્વત પ્રાપ્ત હોવાની કેટલીક દલીલો રજૂ કરીએ છીએ જેથી વાત પૂરેપૂરી સમજમાં આવી જાય.

(૧) કુર્આન કરીમમાં હઝરત ઈસા علیہ السلام નો આ કૌલ છે :–

اَنِّیٓ اَخۡلُقُ لَکُمۡ مِّنَ الطِّیۡنِ کَهَیۡـَٔةِ الطَّیۡرِ فَاَنۡفُخُ فِیۡهِ
فَیَکُوۡنُ طَیۡرًۢا بِاِذۡنِ اللّٰهِ ۚ وَاُبۡرِیُٔ الۡاَکۡمَهَ وَالۡاَبۡرَصَ
وَاُحۡیِ الۡمَوۡتٰی بِاِذۡنِ اللّٰهِ ۚ وَاُنَبِّئُکُمۡ بِمَا تَاۡکُلُوۡنَ وَمَا
تَدَّخِرُوۡنَ ۙ فِیۡ بُیُوۡتِکُمۡ ۔

"હું તમારા માટે માટીમાંથી પક્ષીની આકૃતિ બનાવું છું પછી તેમાં ફૂંક મારૂં છું તો તે તરત જ પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી અને હું સારૂં કરી આપું છું જન્મજાત અંધ અને સફેદ ડાઘવાળાઓને સાજા અને હું મરેલાઓને જીવતા કરું છું અલ્લાહના હુકમથી, અને તમે જે કાંઈ ખાઓ છો અને જે કાંઈ તમારા ઘરોમાં એકઠુ કરીને રાખો છો તે તમને કહી આપું છું." *(સૂ. આલે ઈમરાન્ આયત નં. ૪૯)*

પક્ષીને પૈદા કરવું, પેદાઈશી આંધળા અને સફેદ ડાઘવાળાને શિફા આપવી, મરેલાઓને જીવન આપવું અને ગૈબની ખબર આપવી આ સર્વ અસાધારણ અને આદત વિરુદ્ધ કામો છે, અને તે સૈયદના ઈસા علیہ السلام ને પ્રાપ્ત છે.

ઈમામ બુખારીએ તારીખમાં અને તિબ્રાની, ઓકૈલી, ઈબ્ને નજ્જાર, ઈબ્ને અસાકિર અને અબુલ કાસિમ અસ્બહાનીએ અમ્માર બિન યાસિર رضی اللہ عنہ થી રિવાયત કરી :–

قال سمعت رسول الله صلى الله تعالىٰ عليه وسلم
يقول: ان لله تعالىٰ ملكا اعطاه اسماع الخلائق

**(زاد الطبرانی) قـائم علـی قبری (زاد: الی یوم القیامة) فما من احد یصلی علی صلاة الا ابلغنیها۔**

''તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે કે અલ્લાહનો એક ફરિશ્તો છે જેને અલ્લાહ તઆલાએ દરેક મખ્લૂક઼ની વાતો સાંભળવાની શક્તિ અતા કરી છે, તે ક઼યામત સુધી મારી ક઼બ્ર પાસે ઉભો રહેશે અને જે કોઈ પણ મારા પર દુરૂદ મોકલશે તે મારી સમક્ષ રજૂ કરશે.''

અલ્લામા ઝુર્કાનીએ ''શર્હે મુવાહિબ''માં અને અલ્લામા મનાવીએ ''શર્હે જામેઅ સગીર''માં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ તે ફરિશ્તાને મખ્લૂક઼નો અવાજ સાંભળવાની એવી શક્તિ અતા ફર્માવી છે કે તે જિન તથા ઈન્સાન વગેરેમાંથી દરેક મખ્લૂક઼ની વાત સાંભળવા પર શક્તિમાન છે. અને અલ્લામા મનાવીએ આટલુ વધું કહ્યું છે : ''ભલે તે કોઈ પણ જગાએ હોય.''

**(૨) :-**

**قَالَ یٰٓاَیُّهَا الْمَلَؤُا اَیُّکُمْ یَاْتِیْنِیْ بِعَرْشِهَا قَبْلَ اَنْ یَّاْتُوْنِیْ مُسْلِمِیْنَ ○ قَالَ عِفْرِیْتٌ مِّنَ الْجِنِّ اَنَا اٰتِیْكَ بِهٖ قَبْلَ اَنْ تَقُوْمَ مِنْ مَّقَامِكَ وَ اِنِّیْ عَلَیْهِ لَقَوِیٌّ اَمِیْنٌ قَالَ الَّذِیْ عِنْدَہٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِیْكَ بِهٖ قَبْلَ اَنْ یَّرْتَدَّ اِلَیْكَ طَرْفُكَ فَلَمَّا رَاٰهُ مُسْتَقِرًّا عِنْدَہٗ قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّیْ**

''સુલૈમાને કહ્યું, હે દરબારીઓ ! તમારામાં કોણ છે કે જે સિંહાસન મારી પાસે લઈ આવે તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય તેના પહેલાં. એક મોટો ખવીસ જિન બોલ્યો : હું તે સિંહાસન સેવામાં હાજર

કરીશ હુઝૂર દરબાર બરખાસ્ત કરે ત્યાર પહેલાં, અને હું બેશક ! એ બાબત પર શક્તિમાન અમાનતદાર છું. તેણે કહ્યું, જેની પાસે કિતાબનું ઈલ્મ હતું કે હું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં. પછી જયારે સુલૈમાને સિંહાસનને પોતાની પાસે મૂકાએલું જોયું, કહ્યું : આ મારા રબની કૃપાથી છે.'' *(પા. ૧૯ સૂ. નમલ આ. ૩૮,૩૯,૪૦)*

પલક ઝપકમાં બિલ્કીસનું સિંહાસન સબા શહેરથી હઝરત સુલૈમાન عليه السلامની પાસે લાવનાર હઝરત આસિફ બિન બર્ખિયા હતા જે હઝરત સુલૈમાન عليه السلامના સહાબી અને તેમના વઝીર હતા. એક વિશાળ સિંહાસનને ''સબા''થી ''શામ'' સુધી પલક ઝપકમાં હાજર કરી દેવું એ ખરેખર અપ્રાકૃતિક અને આદત વિરૂદ્ધ કામ છે, અને આ શક્તિ એક મકબૂલ બંદાને પ્રાપ્ત છે.

(૩) આજે એકથી એક સાધનો, યંત્રો અને મશીનોની શોધ થઈ ચૂકી છે પરંતુ કોઈ એવું સાધન કે મશીન નથી જેનાથી કીડીના ચાલવાનો પગરવ અને કીડીનો અવાજ સાંભળી શકાય, કીડીની ભાષા સમજવી તો દૂરની વાત છે ! કોઈ એવુ સાધન કે યંત્ર તૈયાર થઈ જાય જેનાથી કીડીનો પગરવ સાંભળી લેવામાં આવે, તેમ છતાં પણ એવા સાધનની તો કલ્પના કરી જ નથી શકતા કે જેનાથી તેની ભાષા સમજી લેવામાં આવે ! જોર જોરથી ચીસો પાડનાર પંખીડાંઓ ઉપસ્થિત છે જેમનો અવાજ આપણે રાત દિવસ સાંભળતા રહીએ છીએ પરંતુ એવા સાધનનું સંશોધન નથી થઈ શક્યું જે તેને ભાષા સમજાવી શકે. ટૂંકમાં એ કે કીડીનો અવાજ સાંભળવો સામાન્ય લોકો માટે અપ્રાકૃતિક અને આદત વિરૂદ્ધ છે, પરંતું હઝરત સુલૈમાન عليه السلامમાટે એ શક્તિ બલ્કે તેની ભાષા સમજવાની પાત્રતા પણ ખુદાની અતાથી હાંસલ છે, જેમ કે તેમને પંખીઓની ભાષા સમજવાની અને હવા પર હુકૂમત કરવાની શક્તિ હાંસલ છે.

કુર્આન કરીમમાં છે :–

حَتّٰی اِذَآ اَتَوْا عَلٰی وَادِالنَّمْلِ قَالَتْ نَمْلَةٌ يّٰاَيُّهَا النَّمْلُ
ادْخُلُوْا مَسٰكِنَكُمْ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَ جُنُوْدُهٗ وَ
هُمْ لَا يَشْعُرُوْنَ ۔ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا ۔

"એટલે સુધી કે જ્યારે કીડીઓના નાળા પર આવ્યા, એક કીડી બોલી : હે કીડીઓ ! પોતાનાં ઘરોમાં પેસી જાવ ! તમને સુલૈમાન અને તેમનું સૈન્ય અજ્ઞાનતામાં કચડી ન નાખે. તો તેની વાતથી તેણે સ્મિત વેર્યું." *(સૂ. નમલ્ આ. ૧૮,૧૯)*

હઝરત સુલૈમાન عليه السلام એ ત્રણ માઈલની દૂરીથી ન કેવળ એ કે કીડીનો અવાજ સાંભળ્યો બલ્કે તેની વાત પણ સમજી અને રબની નેઅમતનો શુક્ર અદા કર્યો. જેમ કે આ જ આયતમાં આગળ ઉલ્લેખ છે.

ધ્યાન રહે કે એહલે સુન્નતના નજીક નાફર્માન જિનો અને ઈન્સાનોના સિવાય કાઈનાત (જગત)ની દરેક વસ્તુ રબ તઆલા પર ઈમાન રાખે છે અને તેની તસ્બીહ કરે છે.

કુર્આન કરીમમાં છે :–

وَ اِنْ مِّنْ شَیْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ
تَسْبِيْحَهُمْ ۔

"દરેક ચીજ તેની હમ્દ સાથે તેની પાકી બયાન કરે છે પરંતુ તમે તેઓની તસ્બીહ નથી સમજતા." *(સૂ. ઈસ્રા આ. ૪૪)*

**تسبیحهم**માં **هُمْ** સમજદાર બહુવચનની ઝમીરથી દરેક ચીજનું સમજદાર અને જાણકાર હોવું પણ જાહેર કરી દીધું.

એ જ રીતે દરેક ચીજનું આપણા રસૂલ ﷺની રિસાલત પર પણ ઈમાન છે અને સર્વ મખ્લૂક તથા સર્વ જહાનો માટે રસૂલ બનાવીને

મોકલવામાં આવ્યા. કુર્આનમાં છે :–

تَبٰرَكَ الَّذِیْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰی عَبْدِهٖ لِیَكُوْنَ لِلْعٰلَمِیْنَ نَذِیْراًۙ

"મહાન બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે સમગ્ર જગતને ડર સંભળાવનાર બને." *(સૂ. ફુર્કાન આ. ૧, પા.૧૮)*

મુસ્લિમ શરીફની હદીષ સહીહમાં છે :–

**ارسلت الی الخلق کافۃ** "હું સમગ્ર જગત માટે રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું."

હઝરત યઅલા બિન મુર્રા رضی اللہ عنہથી તિબ્રાની વગેરેની રિવાયત છે.

સરકાર صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

**ما من شئی الا یعلم انی رسول الله الا مردة الجن والانس**

"દરેક ચીજ જાણે છે કે હું અલ્લાહનો રસૂલ છું પરંતુ નાફર્માન જિનો અને ઈન્સાનો નથી જાણતા." **صدق الله جل جلاله ورسوله صلی الله تعالیٰ علیه وسلم**

(૪) અલ્લાહ તઆલાની ઝાતી સિફત છે :–

**یُدَبِّرُ الْاَمْرَ** "અલ્લાહ કામની તદબીર ફર્માવે છે." *(સૂ. રઅદ, આ. ૨)*

પરંતુ ફરિશ્તાઓ માટે પણ આ સિફત સાબિત ફર્માવી છે. ઈર્શાદ ફર્માવે છે : **فَالْمُدَبِّرٰتِ اَمْراً** "તો કામની તદબીર કરનારા." –*(સૂ. નાઝિઆત, આ. ૫)*

કામની તદબીર હેઠળ જમીન અસ્માનનાં દરેક કામ આવે છે. બંદાઓ માટે સંસારિક બંધારણની તદબીરની સાબિતી ખૂદ કુર્આન મજીદમાં મૌજૂદ છે.

આ આયતનું બીજુ કારણ એ પણ છે અને કુર્આન અધિક માયના ધરાવે છે. જેમ કે અબૂ નુઐમે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના વાસ્તાથી નબી કરીમ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરી છે અને અઈમ્માએ કિરામ હમેશાં તેનાથી તેના

અર્થો પર દલીલ કરતા રહ્યા છે. અને અલ્લામા બયઝાવીએ સૂરએ નાઝિઆતમાં ઝિક્ર કરેલ સિફતોનું એક અલગ કારણ બતાવ્યું :–

أوصفات النفوس الفاضلة حال المفارقة فانها تنزع
عن الابدان غرقاً اى نزعا شديداً من اغراق
النازع فى القوس- فتنشط الىٰ عالم الملكوت
وتسبح فيه فتسبق الى حظائر القدس فتصير لشرفها
وقوتها من المدبرات-

અથવા આ સિફતો નુફૂસે ફાઝિલાની છે. શરીરથી અલગ થતી વખતે આ રૂહો અત્યંત સખ્તી સાથે શરીરોથી ખેંચાતી જાય છે. આ اغراق النازع فى القوسથી માખૂઝ (લીધેલું) છે. (એમાં એ વાત તરફ ઈશારો છે કે "غرقا" اغراقનો મસ્દર છે.) પછી તે રૂહો આલમે મલકૂત તરફ રવાના થાય છે અને ફઝાએ બસીત (વિસ્તૃત વાતાવરણ) માં તરતી તરતી હઝાઈરે કુદસ તરફ ઝડપથી ઉડે છે. પછી પોતાની પ્રતિષ્ઠા અને કુવ્વતના આધારે મુદબ્બિરાતે અમ્રમાંથી થઈ જાય છે.

નસબ, ઈલ્મ અને તરીકતમાં શાહ ઈસ્માઈલ દહેલ્વીના પૂર્વજ શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ ફર્માવ્યું :–

فاذا مات انقطعت العلاقات ورجع الىٰ مزاجه
فيلتحق بالملائكة وصارمنهم وألهِمَ كالهامهم،
ويسعى فيما يسعون وربما اشتغل هولاء باعلاء كلمة
الله، ونصر حزب الله وربما كان لهم لمة خير بابن
آدم، وربما اشتهى بعضهم الىٰ صورة جسدية
اشتياقاً شديداً، ناشئاً من اصل جبلته فخرع ذلك

بابا من المثال، واختلطت به قوة منه بالنسمة
الهوائية، وصار كالجدس النورانی، وربما اشتاق
بعضهم الىٰ مطعوم ونحوه فامد فيما اشتهی قضاءً
لشوقها

"જ્યારે મૌત આવે છે તો રૂહનો સંબંધ શરીરથી વિભાજિત થઈ જાય છે. અને તે પોતાની અસ્લ તરફ જતી રહે છે, પછી ફરિશ્તાઓ સાથે જોડાઈને તેમનામાંથી થઈ જાય છે. અને ફરિશ્તાઓની જેમ ઈલ્હામ અને તેમના કામોમાં કોશિશ કરે છે. કેટલીક વખત આ રૂહો એ'લાએ કલિમતુલ્લાહ(હક્ક કલમાની જાહેરાત)માં મશ્ગૂલ થઈ જાય છે અને અલ્લાહની જમાઅતની મદદ કરે છે અને કેટલીક વખત તેઓનો માણસથી સારો સંબંધ હોય છે અને કેટલીક રૂહોને શરીરની આકૃતિનો શોખ થાય છે. આ એવો શોખ છે જે તેમની બુનિયાદી ખસ્લત (ખાસિયત)માંથી પેદા થાય છે. તો એ એક મિષાલી શરીર બનાવી લે છે અને તેની સાથે હવાઈ જાનના કારણે શક્તિ જોડાઈ જાય છે અને તે એક નૂરાની શરીરની જેમ બની જાય છે. અને કેટલીક રૂહો અમુક વખત ખાવા વગરેની ઈચ્છા કરે છે તો તેમની ઈચ્છાનુસાર મદદ કરવામાં આવે છે.

(૫) **મૌત આપવું અલ્લાહની સિફત છે.**

**اَللّٰهُ يَتوَفَّى الْاَنفُسَ حِيۡنَ مَوۡتِهَا۔** "અલ્લાહ જીવને મૃત્યુ આપે છે તેના મૌતના સમયે." *(સૂરએ ઝુમર, આ. ૪૨)*

પરંતુ કુર્આનમાં જ આ સિફત મલકુલ મૌત માટે સાબિત કરવામાં આવે છે. ફર્માવે છે :– **قُلۡ يَتَوَفّٰيكم مَّلَكُ الۡمَوۡتِ الَّذِیۡ وَكُلِّ بِكُمۡ۔**

"તમે ફર્માવી દો, તમને મૌત આપે છે મૌતનો ફરિશ્તો જે તમારી ઉપર

નિયુક્ત છે." *(સૂરએ સજદહ, આ. ૧૧)*

(૬) **કોઈને છોકરો છોકરી આપવું અલ્લાહની સિફત છે.**

કુર્આન શરીફમાં છે : يَهَبُ لِمَنۡ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنۡ يَّشَآءُ الذُّكُوۡرَ ۔

"અલ્લાહ જેને ચાહે પુત્ર અતા ફર્માવે અને જેને ચાહે પુત્રી આપે." *(સૂરએ શૂરા, આ. ૪૯)*

પરંતુ જુઓ ! હઝરત જિબ્રઈલ علیہ السلامએ છોકરો આપવાની નિસ્બત પોતાની તરફ કરી. કુર્આન શરીફમાં છે :–

اِنَّمَاۤ اَنَا رَسُوۡلُ رَبِّكِ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا ۔

"હું તારા રબનો મોકલેલો છું જેથી હું તને એક પાકીઝા પુત્ર આપું." *(સૂરએ મયરમ, આ. ૧૯)*

**બતાવો ! શું હઝરત જિબ્રઈલ** علیہ السلام **પોતાની તરફ આ નિસ્બત કરીને મઆઝલ્લાહ ! મુશ્રિક થઈ ગયા ?** અને કુર્આને તેમનું શિર્ક નકાર વિના બાકી રાખ્યું ?!

(૭) કોઈ મુસલમાને જો મક્બૂલે બારગાહની (રબની બારગાહના મક્બૂલ બંદા નબી કે વલીની) તરફ કોઈ કુદરત અને અધિકારની નિસ્બત કરી તો (વહાબી દેવબંદીઓ) તરત જ તેના પર શિર્કનો હુકમ લગાડી દે છે, પરંતુ કુર્આનમાં ગની કરવા, નેઅમત આપવી અને અતા કરવાની નિસ્બત અલ્લાહ અને રસૂલ બંને તરફ કરવામાં આવી છે તો શું આ શિર્ક છે જે ખૂદ રબ્બુલ ઈઝ્ઝતના કલામમાં છે ?! જુઓ નીચેની આયત :–

**(અ)** :– وَمَا نَقَمُوۡۤا اِلَّاۤ اَنۡ اَغۡنٰهُمُ اللّٰهُ وَرَسُوۡلُهٗ مِنۡ فَضۡلِهٖ ۔

"અને તેમને શું ખોટુ લાગ્યું ?! એ જ કે અલ્લાહ અને રસૂલે તેઓને પોતાના ફઝલથી ગની કરી દીધા." *(સૂરએ તૌબા, આ. ૭૪)*

**(બ) :-**

وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗٓ اِنَّآ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ

"અને કેટલું સારું થાત જો તેઓ એના પર રાજી થાત જે અલ્લાહ અને રસૂલે તેઓને આપ્યું અને કહેતા અમોને અલ્લાહ પૂરતો છે. હવે આપે છે અમને અલ્લાહ પોતાના ફઝલથી અને તેનો રસૂલ, અમોને અલ્લાહની જ તરફ અભિલાષા છે." *(સૂરએ તૌબા, આ. ૫૯)*

**(ક) :-** اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ "જેને અલ્લાહે નેઅમત આપી અને તમે તેને નેઅમત આપી." *(સૂરએ અહઝાબ, આ. ૩૭)*

રહ્યું વહાબી દેવબંદીઓનું એ વિચારવું કે અંબિયા વફાત પછી નિર્જીવ પદાર્થ અને પથ્થરની જેમ થઈ ગયા અને તેમના માટે સાંભળવા, સમજવા, મદદ કરવા અને ચાલવા ફરવાની શક્તિ (કુવ્વત) બાકી નથી રહી, તો **આ સર્વ વિચારો કુર્આનની સ્પષ્ટ આયતોના સરાસર વિરુદ્ધ છે.** અલ્લાહ તબારક વ તઆલાએ શહીદોની શાનમાં ફર્માવ્યું છે જ્યારે કે તેઓ અંબિયાના દરજાથી નીચા છે :–

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ۔

"અને જે અલ્લાહની રાહમાં માર્યો જાય તેમને મુડદા ન કહો બલ્કે તેઓ જીવંત છે, હા ! તમને ખબર નથી." *(સૂરએ બકરહ, આયત : ૧૫૪)*

وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ٥ فَرِحِيْنَ

"અને જે અલ્લાહની રાહમાં મૃત્યુ પામ્યા ક્યારેય પણ તેમને મુડદા ન જાણવા, બલ્કે તેઓ પોતાના રબની પાસે જીવંત છે, રોજી મેળવે છે, ખુશ છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯૬)*

**તો જો આ લોકો (શહીદો) પથ્થર છે તો આ આયતમાં દર્શાવેલ હયાત (જીવંત), રોજી અને ખુશ હોવાનો શું મતલબ?!**

**સહીહ હદીષોમાં મુસલમાન મર્હૂમોને સલામ કરવાનો હુકમ સાબિત છે, તો જો તેઓમાં સાંભળવા અને સમજવાની શક્તિ નથી તો આ હુકમથી શું મુરાદ છે ?!** મેઅરાજની હદીષોમાં મરવી છે કે નબી કરીમ ﷺએ **બયતુલ મુક઼દ્દસમાં અંબિયા (નબીઓ)ની ઈમામત ફર્માવી, પછી તેમનાથી આસ્માનોમાં મુલાકાતો થઈ !** તો બતાવો, બયતુલ મુક઼દ્દસમાં ઈમામત અને આસ્માનોમાં મુલાકાતનો શું મતલબ ? **શું નબી કરીમ ﷺએ મુડદાઓ અને પથ્થરોની ઈમામત ફર્માવી હતી ?! અને પથ્થરોથી આસ્માનોમાં મુલાકાત કરી હતી ?! કે જીવંત લોકોની ઈમામત ફર્માવી હતી જેઓ ઈખ્તિયારવાળા છે ? અને આલમે મલકૂતમાં ચાલવા ફરવાની એક મહાન શક્તિ ધરાવે છે કે કોઈ સમયે તે જમીન પર રહે, અને બીજી જ ક્ષણમાં આસ્માનની બુલંદીઓમાં ફરતા હોય.** અને આનો શો મતલબ છે કે **હઝરત મૂસા عليه السلامએ આપણા નબી ﷺથી મુલાકાત કરી અને રાત દિવસમાં પચાસ વખતની નમાઝના હુકમમાં ઘટાડો કરવાની ઈચ્છા વ્યક્ત કરી.** જો (મઆઝલ્લાહ !) હઝરત મૂસા عليه السلام મુડદા છે તો મુલાકાત કેવી ?! અને સવાલ કેવો ?! અને જો રસૂલુલ્લાહ رضي الله عنه ઉમ્મત માટે સિફારિશ કરવા અને અમરે ઈલાહી (રબના કામો)માં વાતચીત કરવા પર શક્તિમાન નથી તો કેવી રીતે આપે ઉમ્મતના ખાતિર નમાઝમાં ઘટાડાની સિફારિશ કરી, અને આ મામલામાં વારંવાર પોતાના રબની તરફ પાછા ફર્યા ત્યાં સુધી કે

પચાસમાંથી કેવળ પાંચ નમાઝો બાકી રહી ગઈ !

શું બુખારી તથા મુસ્લિમની હદીષો અને અન્ય સિહાહ તથા કિતાબો એ આગલાઓની ધડ માથા વિનાની દાસ્તાનો છે જેને વર્ણવીને મુહદ્દિષોએ રમત કરેલ છે ?! જેવો કે અહલે કુર્આન ફિર્કાનો ખયાલ છે. કોઈ મુસલમાન એ અગણિત હદીષોને રદ કરવાની હિંમત નથી કરી શક્તો કે સહાબાના દૌરથી લઈને આજ સુધીની સર્વ મુસ્લિમ ઉમ્મતને મુશ્રિક, કાફિર અને ઈમાન તથા શિર્કના અર્થથી અજાણ કહે ! હા ! વહાબીઓ દેવબંદીઓ દીન પર, સહાબીઓ પર, અને સામાન્ય (આમ) મુસલમાનો પર, બલ્કે અંબિયા તથા રસૂલો પર, ત્યાં સુધી કે અલ્લાહ ﷻ પર ખૂબ હિંમતવાળા તથા દિલેર છે જેથી એમનાથી એ વાત દૂર નથી કે તમામ મખ્લૂક્ બલ્કે ખૂદ ખાલિક્ને પણ મુશ્રિક ઠરાવે ! حدوث الفتن وجهاد أعيان السنن "અને અલ્લાહની જ બારગાહમાં ફરિયાદ છે."

હું સંક્ષિપ્તમાં વાત કરવા ચાહતો હતો પણ ક્રમ લંબાતો ગયો. ઉલમાએ અહલે સુન્નતની કિતાબોમાં અધિક વિગતવાર ચર્ચાઓ મૌજૂદ છે. મેં "હુદૂષૂલ ફિતન વ જિહાદિ અઅ્યાનિસ્સુનન" (હિ.સ. ૧૪૨૧)માં પણ કેટલીક દલીલો તથા ચર્ચાઓ વર્ણવી છે. આ કિતાબ હિંદુસ્તાનમાં "રઝા એકેડમી–મુંબઈ" અને "અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર"થી પ્રકાશિત થઈ ચૂકી છે. મિસ્ર, બૈરૂત તથા યમનના વિવિધ ઈદારાઓએથી પણ એની કેટલીયે આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. મૌલાના અબ્દુલગફ્ફાર આ'ઝમી મિસ્બાહીએ એનો ઉર્દૂ અનુવાદ પણ કર્યો છે જેનું નામ છે : "ફિત્નોં કા ઝહૂર ઔર અહલે હક્ક્ કા જેહાદ" આ અનુવાદ પણ "અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર"થી કેટલીયેવાર પ્રકાશિત થઈ ચૂકેલ છે. તેનો અભ્યાસ કરશો.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, ઓક્ટોબર–૨૦૧૪)*

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

**લેખક : સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી** رحمة الله عليه

**અનુવાદકો** હઝરત સૈયદ ક઼મરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

## પ્રથમ વિભાગ

- **ભાગ–૧ :** અક઼ીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (ક઼બ્ર), ક઼યામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્ક઼ાઓ વગેરેનું બયાન.
- **ભાગ–૨ :** તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- **ભાગ–૩ :** નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- **ભાગ–૪ :** વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- **ભાગ–૫ :** ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદક઼ાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- **ભાગ–૬ :** હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- **ભાગ–૭ :** નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- **ભાગ–૮ :** તલાક઼ વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- **ભાગ–૯ :** ગુલામ આઝાદ કરવા વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- **ભાગ–૧૦ :** લક઼ીતનું બયાન, ભાગીદારી, વક઼્ફનું બયાન, મસ્જિદ, ક઼બ્રસ્તાન વગેરેનું બયાન

**[પ્રથમ વિભાગ + બીજો વિભાગ]**
**બંનેના**
**એક સેટની કિંમત રૂા. ૩૦૦/–**

**નોંધ :** છુટક વિભાગ મળશે નહીં
તેની ન

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧
(ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# શિર્ક

# શું છે?

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી (મુબારકપુર)**

અનુવાદક : **મૌલાના અબ્દુર્રઊફ રઝવી (પાલેજ)**

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૧૧ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૨૫–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૬ નવેમ્બર–૨૦૧૪

## શું તમે સુન્ની છો અને તમારે ત્યાં "કન્ઝુલ ઈમાન" નથી !!

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરૂલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે....

## કન્ઝુલ ઈમાન
### વ ખઝાઈનુલ ઈરિફાન
(ગુજરાતીમાં)

**હદીયો** : ૩૫૦/– રૂ. (ટપાલ ખર્ચ : ૫૦/–)

**ગુજરાતી અનુવાદક** : મર્હૂમ મૌલાના હસન આદમ કોલનવી સાહબ (ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારુ પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧